RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 40* Date: 06.12.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### એન્ટી ડ્રોન ટેક્નોલોજી પર કામ શરૂ

## દુશ્મનોને ટૂંક સમયમાં મળશે જવાબ : અમિત શાહ



જેસલમેર , તા.૦૫

ગૃહમંત્રી રાજસ્થાનમાં બીએસએફની એક પોસ્ટ પર પહોંચ્યા અને જવાનો સાથે વાત કરી અને તેમની જીંદગીને નજીકથી જાણી. જેસલમેરની રોહિતાશ બોર્ડર આઉટ પોસ્ટ પર જઇ બીએસએફના જવાનોને મળ્યા અને તેમની વિભિન્ન ગતિવિધિઓની વિસ્તારપૂર્વક જાણકારી લીધી. અમિત શાહે કહ્યું કે આ રણની સીમાની ભીષણ ગરમીની સીમાઓને અભેદ રાખવામાં પોતાનું સર્વોચ્ચ યોગદાન આપી રહી છે.

ગૃહમંત્રીએ બીએસએફ જવાનોના ભોજનને કર્યું. તેમણે ટ્વિટર પર તેના ફોટા પણ પોસ્ટ કર્યા. અમિત શાહે કહ્યું કે સુરક્ષાબળોમાં વિશેષ અવસરો પર સાથે બેસીને ભોજન કરવાની એક પરંપરા છે જેને ‘બડા ખાના‘ કહેવામાં આવે છે. શનિવારે જેસલમેર બીએસએફના કેમ્પમાં જવાનો અને અધિકારીઓ સાથે બડે ખાના પર ભોજન કરવું મારા માટે વિશેષ અવસર હતો.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજસ્થાનના પ્રવાસે છે. આજે અમિત શાહ જેસલમેરમાં BSF ના સ્થાપના દિવસ કાર્યક્રમમાં સામેલ થયા. જેસલમેરમાં અમિત શાહે બીએસએફ જવાનોને પરેદની સલામી આપી. બીએસએફ આજે પોતાનો ૫૭મો સ્થાપના દિવસ ઉજવી રહી છે. આ અવસર પર અમિત શાહે બીએસએફ જવાનોને સન્માનિત પણ કર્યા. મ્જીહ્લ જવાનોને સંબોધિત કરતાં અમિત શાહે કહ્યું કે દેશના ૩૫૦૦૦ જવાનોને અલગ અલગ બોર્ડર પર બલિદાન આપ્યા છે અને દેશની સરહદોને સુરક્ષિત બનાવી છે. મ્જીહ્લ ના જવાનોએ સૌથી વધુ દેશ માટે બલિદાન આપ્યું છે. આ સૌથી કઠીન સીમાઓની સુરક્ષા કરી રહ્યા છે. હું સમગ્ર દેશ તરફથી અને પ્રધાનમંત્રી તરફથી તમામ શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરું છું. અમિત શાહે કહ્યું કે ડ્રોનના ખતરાનો સામનો કરવા માટે સરકાર અને વૈજ્ઞાનિક સતત પ્રયત્ન કરી રહ્યા છે. તેમણે કહ્યું કે એન્ટ્રી ડ્રોન ટેક્નોલોજી બનાવવા માટે બીએસએફ, એનસીજી અને ડીઆરડીઓ મળીને પ્રયત્ન કરી રહી છે. અમે વૈજ્ઞાનિકોને વિશ્વાસ અપાવીએ છીએ. થોડા સમયમાં આપણે ડ્રોન પ્રતિરોધક ક્ષમતા બનાવવામાં સફળ રહીશું અને ડ્રોનના ખતરાના ભરપૂર જવાબ આપીશું. ગૃહ મંત્રીએ કહ્યું કે જયારે ઉરી અને પુલવામામાં હુમલા થયા જે ભારત સરકારે પીએમ મોદીના નેતૃત્વમાં મજબૂત થઇને જવાબ આપ્યો અને આખી દુનિયાએ તેમની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે કોઇપણ દેશ તમામ પ્રગતિ કરી શકે છે. જ્યારે ત્યાં સુરક્ષા યથાવત રહેશે. તેમણે કહ્યું કે કોઇ દેશ પોતાની સંસ્કૃતિને ત્યારે જ બચાવી શકે છે. જ્યારે તે સુરક્ષિત હોત્ય અને આપણા જવાનો દેશની સુરક્ષાને સુનિશ્ચિત કરવામાં લાગ્યા છે.

## જવાદ વાવાઝોડું નબળું પડતા ઓડિશા, આંધ્ર, બંગાળને રાહત

નવી દિલ્હી, તા.૦૫

ત્રણેય રાજયોમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ૬૪ ટીમ બચાવ-રાહત કામગીરી માટે તૈનાત રાખવામાં આવી છે. કેન્દ્ર સરકારેત્રણેય રાજયો પાસેથી જવાદની સ્થિતિનો અહેવાલ મેળવીને સમીક્ષા કરી હતી.બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશનના કારણે બનેલું જવાદ વાવાઝોડું નબળું પડી જતાં તટવર્તીય વિસ્તારોના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

જોકે, આંધ્રપ્રદેશ અને ઓડિશાના કાંઠા વિસ્તારોમાં ૬૦થી ૭૦ કિ.મીની ઝડપે પવન ફૂંકા શ્રીકાકૂલમ જિલ્લામાં ભારે પવનના કારણે એક વૃક્ષ ધરાશાયી થઈ હતું. એમાં એક ટીનેજરનું મૃત્યુ થયું હતું. આંધ્રપ્રદેશમાં દિવસભર વરસાદ પડયો હતો, પરંતુ હવાની તીવ્રતા ધારણા કરતા ઓછી હતી. મોડી રાતે ૬૦થી ૭૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાનો શરૃ થયો હતો. જોકે ૧૦૦થી ૧૨૦ કિ.મી.ની તીવ્રતા સુધી પહોંચવાનો જે અંદાજ હતો એટલો પવન ફૂંકાય એવી શક્યતા ઘટી ગઈ હતી. હવામાન વિભાગે કહ્યું હતું કે દરિયામાં જ નબળું અને ધીમું પડી ગયેલું વાવાઝોડું ઓડિશાની ધરતી પર ટકરાયા પછી વિખેરાઈ જશે. જોકે, તેની અસર ૫મી ડિસેમ્બરની મોડી રાત સુધી રહે એવી શક્યતા છે. ઓડિશા અને બંગાળમાં ૫મી ડિસેમ્બરે વરસાદ પડશે. પશ્ચિમ બંગાળના અમુક વિસ્તારોમાં ઝરમર વરસાદ પડયો હતો.

## દેશમાં ૫૦ ટકા લોકોએ રસીના બે ડોઝ લઈ લીધા છે : સ્વાસ્થ્ય મંત્રી

નવી દિલ્હી, તા.૦૫

ઓમિક્રોન વાયરસના સંભવિત ખતરાને જોતા સરકારે રસીકરણ ઝડપી બનાવવા પર અને લોકો રસી લે તેના પર ભાર મુકયો છે.બીજી તરફ ૫૦ ટકા લોકોને રસીના બે ડોઝ મળી ગયા હોવાથી આ એક રાહતની વાત છે.કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ આજે કહ્યુ હતુ કે, ભારતમાં ૫૦ ટકા લોકોને કોરોના રસીના ડબલ ડોઝ અપાઈ ચુકયા છે.જે આપણા માટે ગર્વનો વિષય છે.હવે કોરોનાનો ઓછામાં ઓછો એક ડોઝ મેળવી ચુકેલા લોકોની સંખ્યા ૧૨૭ કરોડ પર પહોંચી ચુકી છે. મંત્રાલય દ્વારા અપાયેલા આકંડા પ્રમાણે દેશના ૮૪ ટકા પુખ્ત વયના લોકો રસીનો ઓછામાં ઓછો એક ડોઝ લઈ ચુકયા છે.છેલ્લા ૨૪ કલાકમાં ૧.૦૪ કરોડ લોકોને કોરોનાની રસી મુકવામાં આવી છે.

### કોંગ્રેસમાંથી ’આઝાદ’ ગુલામ થશે ?

## જમ્મુ-કાશ્મીરનાં વરિષ્ઠ નેતા ગુલામનબી આઝાદે પણ પાર્ટી સામે મોરચો માંડ્યો

નવીદિલ્હી,તા.૫

દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસમાં આ દિવસોમાં સઘળું સમુસૂતરું નથી ચાલતું.લોકસભાની બે ચૂંટણીમાં સતત કારમી હાર પછી પાર્ટીનો આત્મ વિશ્વાસ આમ પણ પટકાયેલો છે,અને હવે મમતા બેનરજીની ટીએમસી કોંગ્રેસ તોડવામાં લાગી ગઈ છે.પરંતુ,આ વચ્ચે કોન્ગ્રેસના જ કેટલાક નેતાઓએ પાર્ટીના ‘નાકમાં દમ‘ કરી દીધો છે. પંજાબમાં કેપ્ટન અમરિંદર સિંહની બગાવત પછી હવે એવું લાગવા માંડી રહ્યું છે કે, જમ્મુ-કાશ્મીરનાં વરિષ્ઠ નેતા ગુલામનબી આઝાદે પણ પાર્ટી સામે મોરચો માંડ્યો છે. આઝાદ અત્યારે જમ્મુ-કાશ્મીરમાં એક પચ્ચી એક રેલીઓ કરી રહ્યા છે.અને આ રેલીઓમાં તેઓ કોંગ્રેસ વિરુદ્ધ નિવેદનો પણ આપી રહ્યા છે.રાજનીતિની આબોહવામાં એવી પણ ચર્ચા છે કે, ગુલામનબી આઝાદ પોતાની પાર્ટી શરુ કરી શકે છે.

ગુલામનબી આઝાદ કોંગ્રેસ નાં એ ૨૩ અસંતુષ્ઠ નેતાઓમાના એક છે જેઓએ ગત વર્ષે પાર્ટીમાં મોટા બદલાવની માંગ કરતા સોનિયા ગાંધીને પત્ર લખ્યો હતો. બુધ્વાત્રે જમ્મુ-કાશ્મીરના પૂંછમાં એક રેલીને સંબોધતા આઝાદે કહ્યું હતું કે,કોંગ્રેસ ૨૦૨૪ નાં લોકસભા ચૂંટણીમાં ૩૦૦ બેઠકો સાથે સતામાં આવતી નજરે નથી પડી રહી. આઝાદે એમ પણ કહ્યું કે, જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ ને ફક્ત સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર સરકાર જ ફરીથી લાગૂ કરી શકે છે.તેમણે કહ્યું કે અત્યારે તેઓની એક માત્ર માગણી રાજ્યને આગળ ધપાવવા અને વિધાનસભા ચૂંટણી કરાવવાની માંગ છે.તેના આ નિવેદનને યુટર્નની રીતે જોવાઈ રહ્યું છે.હકિકતમાં આઝાદે આ અગાઉ ગૃહમાં કલમ ૩૭૦ને લઈને કેન્દ્ર સરકાર પર બરાબર નિશાન સાધ્યું હતું. જમ્મુ-કાશ્મીરની રાજનીતિક તસવીર ઝડપથી બદલાઈ રહી છે.ગુલામનબી આઝાદના નજીકના મનાતા ૨૦ જેટલા નેતાઓએ છેલ્લા બે અઠવાડિયામાં પાર્ટીના અલગ-અલગ હોદ્દાઓ પરથી રાજીનામાં ધરી દીધા છે.પોતાના રાજીનામાંમાં નેતાઓએ ગુલામ અહેમદ મીરને રાજયની ટીમના પ્રામુખ પદેથી હટાવવા સહિત કોંગ્રેસ માં વ્યાપક બદલાવની માંગ કરી છે આ નેતાઓએ આરોપ લગાવ્યો છે કે તેઓને પ્રદેશ કોન્ગ્રેસના નેતૃત્વમાં ‘દુશ્મનાવટપૂર્ણ વ્યવહારના કારણે આ પગલું ઉઠાવવું પડ્યું છે.




જમ્મુ-કાશ્મીરના કોંગ્રેસ ઉપાધ્યક્ષ જી.એન મોંગા એ જણાવ્યું કે ‘અમોએ પાર્ટીના હાઈ કમાન્ડને રજૂઆત કરી છે કી પાર્ટીની અંદર કેટલીક સમસ્યાઓ છે.જેથી તેને દૂર કરવામાં આવે.જ્યાં સુધી આઝાદ સાહેબનો સવાલ છે તેઓ લાંબા સમયથી અમારા નેતા છે . મોંગાએ ચિઠ્ઠીમાં જમ્મુ-કશામીરના કોંગ્રેસ પ્રમુખને હટાવવા માટે પણ કહ્યું છે

ગુલામનબી આઝાદની જનસભાઓમાં ભારે ભીડથી રાજનીતિક પંડિતો આશ્ચર્યમાં પડી ગયા છે તો તેમની રેલીઓમાં કોંગ્રેસ વિરોધી નિવેદનોએ કોંગ્રેસને હચમચાવી દીધી છે.આઝાદ લગભગ ચાર દાયકાથી રાજયસભા સાંસદ છે અનીત્મ વાર તેમને જમ્મુની ઉધમપૂરબેઠક પરથી ચૂંટણી લડી હતી. જો કે ભાજપના ઉમેદવાર સામે તેઓ ચૂંટણી હારી ગયા ગયા હતા, સુત્રોના કહેવા પ્રમાણે જમ્મુ-કશામીરમાં જો આઝાદ પોતાની પાર્ટી બનાવે તો મોટાભાગના નેતાઓ તેમની સાથે જાય. અહેવાલોમાં કહેવાય છે કે, અન્ય પાર્ટીના નેતાઓ પણ તેમની સાથે સંપર્કમાં છે.

## દેશમાં કોરોના અને ઓમિક્રોનના ભય હોવા છતાં માસ્ક પહેરવામાં લાપરવાહી



નવી દિલ્હી, તા.૦૫

સપ્ટેમ્બરમાં દેશમાં માસ્ક પહેરવાનો દર ઘટીને ૧૨ ટકાએ પહોંચી ગયો હતો. નવેમ્બરમાં તો આ દર ફક્ત બે ટકા જ રહી ગયો હતો. ડિજિટલ પ્લેટફોર્મના સ્થાપક સચિન ટપરિયાનું કહેવું છે કે તે અત્યંત જરૂરી છે કે કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટને ધ્યાનમાં રાખતા કેન્દ્ર અને રાજય સરકારો માસ્ક પહેરવાનું પાલન કરાવવા જાગૃતિ ફેલાવે અને તેનું પાલન કરવા માટે જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવા પગલાં ઉઠાવે. અહેવાલમાં કહેવાયું છે કે એક ઈન્ડોર જગ્યાએ જો ચેપગ્રસ્ત વ્યક્તિએ માસ્ક ન પહેર્યો તો તે ફક્ત દસ મિનિટમાં બીજાને વાઈરસ આપી શકે છે. ગલે ઓમિક્રોન વેરિયન્ટ અંગે ચેતવણી આપવામાં આવી રહી છે તો માસ્ક પહેરવુ જરૂરી થઈ પડયું છે.

આ વેરિયન્ટ વિશ્વના ૪૦થી વધુ દેશોમાં ફેલાઈ ચૂક્યો છે.દેશમાં કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટનો કેસ સામે આવ્યા પછી વધતી જતી ચિંતાઓ છતાં પણ લોકો માસ્ક પહેરવાના નિયમોનું જોઈએ તેવું પાલન કરતાં નથી. એક સર્વેક્ષણ મુજબ દર ત્રણમાંથી એક ભારતીયનું કહેવું છે કે તેમના વિસ્તારના મોટાભાગના લોકો ઘરોમાંથી બહાર નીકળતી વખતે માસ્ક પહેરતા નથી. ફક્ત બે ટકા લોકો જ માને છે કે તેમના વિસ્તારમાં લોકો માસ્ક પહેરવાના નિયમનું પાલન કરે છે. ડિજિટલ સમુદાય આધારિત પ્લેટફોર્મ (લોકલ સર્કલ) દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં આ મુદ્દે દેશના ૩૬૪ જિલ્લાઓમાં ૨૫ હજાર લોકોના પ્રતિસાદોને આવરી લેવાયા હતા. તેમા ૨૯ ટકા લોકોએ જણાવ્યું હતું કે માસ્ક પહેરવાના નિયમનું પાલન કરવાનો દર સારો છે.

## ગુજરાત, કર્ણાટક અને મહારાષ્ટ્ર બાદ હવે દિલ્હીમાં ઓમિક્રોનનો ખતરો, ૧૫ શંકાસ્પદ કેસો મળતા હડકંપ

નવીદિલ્હી,તા.૫

દક્ષિણ આફ્રિકામાં મળેલા કોરોના વાયરસના નવા ઓમિક્રોન વેરિયન્ટને લઈને ભય વધતો જતો રહ્યો છે. ભારતમાં કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ઓમિક્રોનના કેસ સામે આવી ચુક્યાં છે. અને હવે રાજધાની દિલ્હીમાં તેનો ખતરો વધી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર દિલ્હીમાં હાઈ રિસ્ક દેશોમાંથી પરત ફરેલા ૧૫ યાત્રીઓ આઈએનજીપી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ તમામનો સેમ્પલો જિનોમ સિક્વન્સિંગના માટે મોકલવામાં આવ્યાં છે. જેનો રિપોર્ટ ૪ થી ૫ દિવસમાં આવવાની સંભાવના છે. અધિકારીઓના જણાવ્યા મુજબ જે ૧૫ લોકો શંકાસ્પદ દર્દીઓ હોસ્પિટલમાં એડમિટ છે. તેમાંથી ૯ કોરોના પોઝિટિવ છે. જ્યારે બચેલા ૬માંથી ગળામાં ખરાશ અને તાવના લક્ષણો છે. આ તમામને દિલ્હી સરકારે લોકનાયક જયપ્રકાશ નારાયણ હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરાયા છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં દિલ્હી સરકારને એલએનજેપીને ઓમિક્રોન સંક્રમિતો માટે ઈલાજ માટે રિઝર્વ કરવામાં આવ્યો છે. શુક્રવારે સુધી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ શંકાસ્પદ દર્દીઓની સંખ્યા ૧૨ હતી. જે વધીને ૧૫ થઈ જવા પામી છે. હોસ્પિટલના મેડિકલ સ્ટાફના સુત્રોના જણાવ્યા મુજબ જે ત્રણ નવા દર્દીઓ મળ્યાં છે. તે તમામ યૂકેથી પરત ફર્યા છે. કેન્દ્ર સરકારે યુકે, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ, બોત્સવાના, ચીન, મોરેશિયસ, ન્યૂઝીલેન્ડ, ઝિમ્બાવે, સિંગાપુર, હોંગકોંગ અને ઈઝરાયલને હાઈ રિસ્ક દેશોની યાદીમાં રાખ્યા છે. અને આ દેશમાં યાત્રા કરવા વાળા યાત્રિઓને આરટીપીસીઆર ટેસ્ટ કરવવો જરૂરી છે. રિઝલ્ટ આવ્યાં બાદ આ યાત્રિઓને એરપોર્ટ પરથી નીકળવાની પરમીશન મળશે. ભારતમાં અત્યાર સુધી ૪ દર્દીઓ કોરોનાનો નવો વેરિયન્ટ ઓમિક્રોનનો ભોગ બન્યા છે. જેમાંથી કર્ણાટકમાં ૨, મહારાષ્ટ્ર અને ગુજરાતથી ૧-૧ દર્દીઓ મળી આવ્યાં છે. કર્ણાટકમાં મળેલા દર્દીની ઉમર ૬૬ અને ૪૬ વર્ષ છે. બંનેમાં હળવા લક્ષણો છે. અને બંને તાજેતરમાં બંને દક્ષિણ આફ્રીકાથી પરત ફર્યા છે.

### જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં હોબાળો

## ભગવાન રામની વિવાદિત ડોક્યુમેન્ટ્રીની સ્ક્રીનિંગથી બબાલ

નવીદિલ્હી,તા.૫

ઘણી વખત વિવાદોમાં રહેલી જેએનયુ ફરી એકવાર હેડલાઈન્સમાં છે. આ વખતે વિદ્યાર્થી સંઘ દ્વારા બતાવવામાં આવેલી ડોક્યુમેન્ટ્રીને લઈને યુનિવર્સિટી ચર્ચામાં આવી છે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી વહીવટીતંત્રે વિદ્યાર્થીઓનાં સંઘને ડોક્યુમેન્ટ્રી ‘રામ કે નામ’નું સ્ક્રીનિંગ રદ કરવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું હતું કે, “આવી અનધિકૃત પ્રવૃત્તિ કેમ્પસનાં સાંપ્રદાયિક સૌહાર્દ અને શાંતિપૂર્ણ વાતાવરણને ખલેલ પહોંચાડી શકે છે”. વહીવટીતંત્ર દ્વારા ડોક્યુમેન્ટ્રી બતાવવાનો કાર્યક્રમ રદ કરવાનું કહેવામાં આવ્યું હતુ.

જો કે, જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી વિદ્યાર્થી યુનિયને ૬ ડિસેમ્બર, ૧૯૯૨નાં રોજ બાબરી ધ્વંસની ડોક્યુમેન્ટરી દર્શાવી હતી અને સેંકડો વિદ્યાર્થીઓ ત્યાં એકઠા થયા હતા. ડોક્યુમેન્ટ્રી ફિલ્મનાં નિર્માતા આનંદ પટવર્ધને પણ વિદ્યાર્થીઓને એકતાનો સંદેશ મોકલ્યો અને કહ્યું કે, તેમને ફિલ્મ બતાવવાનો પૂરો અધિકાર છે કારણ કે તેને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તરફથી યુ પ્રમાણપત્ર મળ્યું છે. જેએનયુ રજિસ્ટ્રારે એક પરિપત્રમાં જણાવ્યું હતું કે, “તે નીચે હસ્તાક્ષર કરનારનાં ધ્યાન પર આવ્યું છે કે, જેએનયુએસયુનાં નામ પર વિદ્યાર્થીઓનાં એક જૂથે ટેફલાસ (સ્ટુડન્ટ યુનિયન હોલ) ખાતે આજે રાત્રે ૯.૩૦ વાગ્યે એક ડોક્યિમેન્ટ્રી/ફિલ્મ ‘રામ કે નામ’ નું સ્ક્રીનિંગ આયોજન કરવા માટે એક ફોર્મ બહાર પાડવામાં આવ્યું છે.” યુનિવર્સિટી પ્રશાસને કહ્યું કે, આ કાર્યક્રમ માટે તેની પાસેથી કોઈ પૂર્વ પરવાનગી લેવામાં આવી નથી.

પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે, “આવી અનધિકૃત પ્રવૃત્તિ યુનિવર્સિટી કેમ્પસનાં સાંપ્રદાયિક સૌહાર્દ અને શાંતિપૂર્ણ વાતાવરણને ખલેલ પહોંચાડી શકે છે. સંબંધિત વિદ્યાર્થીઓ/વ્યક્તિઓને સૂચિત કાર્યક્રમને તુરંત રદ કરવાની સલાહ આપવામાં આવે છે, આમ ન કરવા પર આ ઘટના માટે જવાબદાર લોકોની વિરુદ્ધ યુનવર્સિટીનાં નિયમોનુસાર સખત અનુશાસનત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી શકે છે. વિદ્યાર્થીઓને પણ આ પેમ્ફલેટથી પ્રભાવિત ન થવાનો નિર્દેશ આપવામાં આવે છે, જે અનધિકૃત છે.”



## તંત્રી સ્થાનેથી...

# ગંભીર બીમારીઓ વિશે તમારી જીભ પહેલાથી સંકેત આપે છે



***તમારી જીભ સ્વાસ્થ્યનો હાલ જણાવે છે. અમુક બીમારીઓના શરૂઆતી લક્ષણ જીભ પર જોવા મળે છે જેને તમારે બિલકુલ પણ ઈગ્નોર ન કરવા જોઈએ. અહીં સુધી કે જો તમે કોરોના વાયરસથી સંક્રમિત છો તો તેના લક્ષણો પણ તમને પોતાની જીભ પર જોવા મળશે. એક વેબસાઈટ અનુસાર જીભનો બદલાયેલો રંગ જણાવે છે કે તમારા શરીરમાં પોષક તત્વોની કમી તો નથી કે તમે કોઈ ગંભીર બીમારીના શિકાર તો નહીં ને? જાણો જીભ પર દેખાઈ રહેલા કયા લક્ષણો તમારી હેલ્થ કંડીશનની વોર્નિંગ સાઈન હોઈ શકે છે.***

***જીભ પર ક્રીમી વ્હાઈટ પેચીઝ ઈન્ફેક્શન થ્રશના લક્ષણ હોઈ શકે છે. આ દવાઓના સાઈડ ઈફેક્ટ અથવા કોઈ ગંભીર બિમારીનું કારણ પણ હોઈ શકે છે. જીભ પર*** Hard, white flat patches Leukoplakia***ની સ્થિતિમાં થઈ જાય છે. આ આગળ જઈને માઉથ કેન્શર જેવી ગંભીર બીમારીઓને પેદા કરી શકે છે. તમારી જીભ પર સફેદ પેચ છે તો તરત ડેન્ટિસ્ટની પાસે જાઓ.***

***આ*** Kawasaki disease***ના લક્ષણ હોઈ શકે છે. આ ખૂબ જ ગંભીર અને રેર બીમારી છે. આ સામાન્ય રીતે બાળકોને થઈ શકે છે. આ સ્થિતિમાં બ્લડ વેસેલ્સમાં સોજો આવી શકે છે. બ્રાઈટ રેડ કલર*** scarlet fever***ના કારણે પણ થઈ શકે છે. એક્સપર્ટ્સ અનુસાર, જો તમારી જીભ સ્મૂદ, રેડ જોવા મળે અને મોઠામાં દુખાવો થાય તો આ વિટામિન બી૩ની કમીના સંકેત હોઈ શકે છે.***

***જો તમને એવું મહેસુસ થઈ રહ્યું છે જેવું કે તમારી જીભ ગરમ વસ્તુ ખાવા કે પીવાથી બળી ગઈ છે તો આ નર્વની સમસ્યા હોઈ શકે છે. તેને બર્નિંગ માઉથ સિંડ્રોમ કહી શકાય છે. એસિડ રિફલક્સ અને ડાયબિટીઝની સ્થિતિમાં પણ આવું થાય છે.***

***આ પોષક તત્વોની કમીના કારણે થઈ શકે છે. આયર્ન, ફોલિક એસિડ અને વિટામિન બીની કમીથી એવું થાય છે. આ સીલિયક ડિઝીઝ અને દવાઓની સાઈડ ઈફેક્ટના કારણે પણ થઈ શકે છે.***

***માઉથ કેન્સરની સ્થિતિમાં*** Tongue pain ***અને*** Lumps***ની સમસ્યા થઈ શકે છે. તે ઉપરાંત કંઈક ગળવા અથવા ચાવવામાં તકલીફ મસેસુસ થવી પણ માઉથ કેન્સનો સંકેત હોઈ શકે છે. કોવિડ ૧૯ સંક્રમણના કારણે ડ્રાય માઉથની સમસ્યા થઈ શકે છે. આ ઉપરાંત સ્વાદ જતો રહેવો પણ કોવિડના લક્ષણો છે. આ કારણે તમારે જીભમાં*** Sensation ***મહેસુસ થશે અને ભોજન ચાવવા પર*** muscle pain ***થશે. મોઢામાં સોજો અને માઉથ અલ્સરની સમસ્યા પણ થઈ શકે છે.***

# દિલ્હીમાં ઓમિક્રોનનો પહેલો કેસ સામે આવ્યો

નવી દિલ્હી, તા.૦૫

ભારતમાં કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટના ૫ દર્દીઓ છે. જેમાંથી બે કર્ણાટકના, એક ગુજરાતનો અને એક મહારાષ્ટ્રનો છે. આ પછી હવે દિલ્હીમાં પાંચમો દર્દી મળી આવ્યો છે. દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું કે અત્યાર સુધીમાં કુલ ૧૭ લોકો જેઓ વિદેશથી આવ્યા હતા અને કોરોના પોઝિટિવ મળ્યા છે તેમને ન્દ્વત્તઁ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જણાવી દઈએ કે દિલ્હી સરકારે એલએનજેપીને કોરોનાની મુખ્ય હોસ્પિટલ જાહેર કરી છે. સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું કે વિદેશથી આવેલા ૧૨ લોકોના સેમ્પલ જીનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવ્યા છે. જેમાંથી ૧૧ લોકોમાં સામાન્ય કોરોના છે, પરંતુ ૧૨મો વ્યક્તિ ઓમિક્રોન પોઝીટીવ છે. આ વ્યક્તિ આફ્રિકન દેશ તાન્ઝાનિયાથી ભારત આવ્યો હતો. આ વ્યક્તિ સાથે સંકળાયેલા ૬ લોકોના સેમ્પલનું જીનોમ સિક્વન્સિંગ પણ કરવામાં આવ્યું હતું.મહારાષ્ટ્રમાં ઓમિક્રોન વેરિઅન્ટનો પહેલો કેસ મળ્યા બાદ રાજ્ય સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે રવિવારે આ સંદર્ભમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજવાના છે. મીટિંગમાં ઓમિક્રોનના આ નવા ખતરાનો સામનો કરવા માટે વધુ વ્યૂહરચના પર ચર્ચા કરવામાં આવશે. આ દરમિયાન સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેએ મહારાષ્ટ્રના લોકોને ગભરાવાની જગ્યાએ કોરોના નિયમોનેં પાલન કરવાની અપીલ કરી છે મહારાષ્ટ્રમાં ઓમિક્રોન વેરિએન્ટનો એક કેસ છે અને દેશમાં અત્યાર સુધીમાં પાંચ ઓમિક્રોન વેરિએન્ટના ચેપગ્રસ્ત દર્દીઓ મળી આવ્યા છે. કર્ણાટકમાં ઓમિક્રોનથી સંક્રમિત બે દર્દીઓ મળી આવ્યા હતા. આ પછી, શનિવારે ગુજરાતના જામનગરમાં એક વૃદ્ધ વ્યક્તિને ઓમિક્રોન વેરિએન્ટથી ચેપ લાગ્યો હોવાની પુષ્ટિ થઈ હતી. હવે આજે દિલ્હીથી મોકલેલા ૧૨ લોકોના સેમ્પલમાંથી જીનોમ સિક્વન્સિંગ થતા એક વ્યક્તિ ઓમિક્રોન સંક્રમિત થયો છે અને આમ કુલ કેસ ૫ થયા છે.

# છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાના ૮,૮૯૫ કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૫

દેશમાં કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યામાં ગત દિવસની સરખામણીએ ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬,૯૧૮ લોકો કોરોનામાંથી સાજા થવામાં સફળ થયા છે.

દેશમાં એક દિવસ પહેલાની સરખામણીએ દૈનિક કેસોની સંખ્યામાં વધારો થયો છે. અગાઉ ૮,૬૦૩ કેસ નોંધાયા હતા. આ સાથે દેશમાં કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યામાં પણ ગત દિવસની સરખામણીએ ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬,૯૧૮ લોકો કોરોનામાંથી સાજા થવામાં સફળ થયા છે. આના કારણે, કોરોનામાંથી સાજા થનારા લોકોની કુલ સંખ્યા વધીને ૩,૪૦,૬૦,૭૭૪ થઈ ગઈ છે. આ ઉપરાંત, દેશમાં મૃત્યુને લઈને જે મામલો સામે આવ્યો છે તે ખૂબ જ ચોંકાવનારા છે. દેશમાં કોરોનાના કારણે મૃત્યુઆંક ૨,૭૯૬ નોંધાયો છે. જેમાં બિહારમાં મૃત્યુના બેકલોગનો ડેટા સામેલ કરવામાં આવ્યો છે. બિહારમાં અગાઉ કોરોનાના કારણે મૃત્યુ પામેલા ૨,૪૨૬ લોકોના આંકડા આજે સામેલ કરવામાં આવ્યા છે. આ સાથે જ કેટલાક દિવસોથી એક્ટિવ કેસ ૯૯ હજારથી એક લાખની વચ્ચે રહ્યા છે. હવે દેશમાં સક્રિય કેસ વધીને ૯૯,૧૫૫ થઈ ગયા છે. સક્રિય કેસ કુલ કેસના એક ટકા કરતા ઓછા છે. હાલમાં તે ૦.૨૯ ટકા છે અને ૨૦૨૦ પછી સૌથી નીચો છે.

દેશમાં કોરોનામાંથી સાજા થવાનો દર ૯૮.૩૫ ટકા નોંધાયો છે. બીજી બાજુ દૈનિક પોઝિટીવિટી દર ૦.૭૩ ટકા છે, જે છેલ્લા ૬૨ દિવસથી ૨ ટકાથી ઓછો છે. આ સાથે, સાપ્તાહિક હકારાત્મકતા દર ૦.૮૦ ટકા છે. તે ૨૧ દિવસથી એક ટકાથી ઓછો છે. દેશમાં રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ દેશમાં રસીની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૨૭.૬૧ કરોડ રસી લગાવવામાં આવી છે.

## હજારો કિ.મી. દૂર સબમરીનને સિગ્નલ મોકલવા

# ચીને સૌથી મોટું એન્ટેના બનાવ્યું



બેઈજિંગ , તા.૦૫

ચીન સામે સૌથી મોટો પડકાર માનવ નિર્મિત સિગ્નલને સ્વાભાવિકરૂપે પેદા થતી ઓછી આવૃત્તિવાળા બેકગ્રાઉન્ડ અવાજથી અલગ કરવાની છે. ચીને રશિયા સાથે એક સંયુક્ત પ્રયોગ પણ કર્યો, જેથી એ જોઈ શકાય કે સિગ્નલ જમીનથી કેટલા દૂર સુધી જઈ શકે છે. આ દરમિયાન એક રશિયન સ્ટેશનને ૭,૦૦૦ કિ.મી. દૂરથી એક મેસેજ મળ્યો, પરંતુ દૂરના અંતરના કારણે આ કોમ્યુનિકેશન એક તરફી હતો અને માત્ર એક્રિપ્ટેડ ટેસ્ટ મેસેજ જ મોકલી શકાતો હતો. પરંતુ ચીની સૈન્ય સંશોધકોએ કહ્યું કે સબમરીન અને પાણી નીચેના ડ્રોન જેવી સ્માર્ટ ડિવાઈસીસ એકતરફી કમાન્ડ મેળવી શકે છે અથવા પોતાના લક્ષ્ય અંગે કમાન્ડના આદેશ પર કાર્યવાહી કરી શકે છે.ચીને સમુદ્રો પર તેનું પ્રભુત્વ જમાવવા માટે અમેરિકાથી પણ મોટું વિશ્વનું સૌથી મોટું નૌકાદળ બનાવી લીધું છે. હવે ચીને હજારો કિ.મી. દૂર પેટ્રોલિંગ કરી રહેલી સબમરીનને સિગ્નલ આપવા માટે દુનિયાનું સૌથી મોટું એન્ટેના એક્ટિવ કરી દીધું છે. આ એન્ટિનાનો ઉપયોગ સૈન્યની સાથે નાગરિક સંચારને મજબૂત કરવા માટે પણ કરાઈ રહ્યો છે. આ એન્ટેનાનું ચોક્કસ લોકેશન હજી સુધી જાણવા મળ્યું નથી, પરંતુ માનવામાં આવે છે કે તે હુબેઈ, એનહુઈ અને હેનાન પ્રાંતમાં એક સંરક્ષિત પ્રાકૃતિક રિઝર્વ ડેબી પર્વતમાં ક્યાંક છે. આ એન્ટેના સક્રિય થવાથી સમુદ્રમાં ચીનની તાકતમાં વધારો થવાનો અંદાજ છે. આ એન્ટેનાથી મોકલાયેલા સિગ્નલ જમીન અને પાણીમાં હજારો કિ.મી. દૂર સુધી જઈ શકે છે. અવકાશમાંથી જોતા આ એન્ટેના કોઈ વિશાળ ક્રોસ જેવું દેખાય છે. આ એન્ટેના સામાન્ય વીજળી લાઈનોની જેમ કેબલો અને થાંભલાના નેટવર્કથી બનાવાયું હોવાનું જણાય છે. આ એન્ટેનાની લંબાઈ અને પહોળાઈ ૧૦૦ કિ.મી. જણાવાય છે. લાઈનોના અંતમાં તાંબાના નોડ્સ જાડા ગ્રેનાઈટ્સમાં ઊંડે સુધી લગાવાયા છે. આ એન્ટેના ચલાવવા માટે બે શક્તિશાળી અન્ડરગ્રાઉન્ડ ટ્રાન્સમીટર લગાવાયા છે. એક ટ્રાન્સમિટરમાં ખામી સર્જાય અથવા તે બેકાર થઈ જાય તો બીજા ટ્રાન્સમિટરનો ઉપયોગ કરાઈ શકાય છે. આ ટ્રાન્સમીટર એક મેગાવોટ ઈલેક્ટ્રિકલ કરંટ પેદા કરવા સક્ષમ છે. ગયા મહિને ચીનની જર્નલ ઓફ શિપ રિસર્ચમાં પ્રકાશિત એક લેખ મુજબ સમુદ્રની સપાટીથી ૨૦૦ મીટર (૭૦૦ ફૂટ) નીચે લગાવાયેલા ઉપકરણો સરળતાથી ૧૩૦૦ કિ.મી. (૮૦૦ માઈલ) દૂર વિશાળ એન્ટેનામાંથી સિગ્નલ મેળવી શકે છે. ચીનના આ એન્ટેનાવાળી જગ્યાથી ૧૩૦૦ કિ.મી.ની રેન્જમાં સમગ્ર કોરિયન ટાપુઓ, જાપાન, તાઈવાન અને દક્ષિણ ચીન સાગર કવર થઈ જાય છે. તેનો અર્થ એ છે કે સમુદ્રમાં ૨૦૦ મીટર નીચે તરી રહેલી ચીની સબમરીન ૧૩૦૦ કિ.મી.ની રેન્જમાં આ એન્ટેના મારફત કમ્યુનિકેશન કરી શકે છે. વુહાન મેરીટાઈમ કમ્યુનિકેશન રિસર્ચ ઈન્સ્ટિટયૂટના પ્રોજેક્ટના મુખ્ય એન્જિનિયર ઝા મિંગ અને તેના સાથીઓએ કહ્યું કે આ ફેસિલિટીને ૩,૦૦૦ કિ.મી. (૧,૯૦૦ માઈલ)ની ફુલ રેન્જમાં પાણીની નીચે સંપર્ક જાળવી રાખવા માટે ડિઝાઈન કરાયું હતું. આ સિગ્નલ પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં સ્થિત સૌથી મોટા અમેરિકન સૈન્ય બેઝ ગુઆમ સુધી પહોંચવા માટે સક્ષમ છે. અત્યંત ઓછી આવૃત્તિ (ઈએલએફ)નું આ એન્ટેના ૦.૧થી ૩૦૦ હર્ટ્ઝ સુધી વિદ્યુત ચુંબકીય તરંગો પેદા કરી શકે છે. આ રેડિયો તરંગો પાણીની નીચે અને જમીનની નીચે બંને જગ્યાએ ખૂબ જ દૂર સુધી જઈ શકે છે.

# નાગાલેંડમાં ફાયરિંગની ઘટનામાં અત્યાર સુધી ૧૩ લોકોનાં મોત

## નાગાલેંડનાં મુખ્યમંત્રી નેફિયો રિયોએ લોકોને શાંતિ રાખવાની અપીલ,અમિત શાહે પણ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું

નવીદિલ્હી,તા.૫

ભારતના પૂર્વોત્તરનાં રાજ્ય નાગાલેંડમાં શનિવારે રાતે ફાયરિંગની ઘટનામાં અત્યાર સુધી ૧૩ લોકોનાં મોત થયાના સમાચાર સામે આવી રહ્યા છે જે સંખ્યા વધી પણ શકે છે. આ ઘટના બાદ આખા રાજયમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે અને અસ્થિરતા સર્જાઇ હોય તેવા દ્રશ્યો સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર ગ્રામીણોએ સેનાનાં વાહનોમાં આગચંપી કરી છે.

નાગાલેંડનાં મુખ્યમંત્રી નેફિયો રિયોએ લોકોને શાંતિ રાખવાની અપીલ કરી છે અને સમગ્ર મામલે એસઆઈટીની રચના કરીને તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે મોન જિલ્લામાં થયેલ ઘટના અત્યંત નીદનીય છે અને મૃતકોના પરિજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે, તેમણે ટ્વિટ કરીને કહ્યું કે નાગાલેન્ડમાં થયેલ ફાયરિંગની ઘટનાથી ખૂબ વ્યથિત છું અને જે લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું. રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ સ્તરીય એસઆઈટી આ ઘટનાની તપાસ કરીને ન્યાય આપવામાં આવશે.

નોંધનીય છે કે મોન જિલ્લાના ઓટિંગમાં તીરું ગામમાં હુમલાખોરોએ પિકઅપ ટ્રક પર અંધાધૂંધ ફાયરિંગ કરી હતી. સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર આ ઘટના શનિવારે સાંજે ચાર વાગ્યાની છે પર્ણતુ જ્યારે આ લોકો ઘરે પહોંચ્યા તર ત્યારે ગામમાંથી કેટલાક લોકો ત્યાં પહોંચ્યા હતા, લોકો ઘટના સ્થળે પહોંચ્યા તો લોહી લુહાણ હાલતમાં લોકોના શબ વિખરાયેલા પડ્યા હતા. ઘટનાનાં સમાચાર ફેલાયા બાદ આખા વિસ્તારમાં તણાવ ફેલાઈ ગયો છે અને કેટલીક ગાડીઓમાં આગચંપી કરવામાં આવી હોય તેવી ઘટનાઓ સામે આવી છે.રિપોર્ટ અનુસાર, એક ગુપ્ત માહિતી પર કાર્યવાહી કરવા માટે સુરક્ષાદળોએ તિરુ-ઓટિંગ રોડ પર ઓચિંતો હુમલો કર્યો હતો. તે જ સમયે, તેમણે ભૂલથી ગ્રામવાસીઓને બળવાખોર તરીકે સમજી લીધા. ખરેખર, ઈનપુટમાં જે રંગની કાર બાબતે જણાવવામાં આવ્યું હતું, એ જ રંગની કાર ત્યાથી પસાર થઈ હતી. સૈનિકોએ કારને રોકવા માટે કહ્યું, પરંતુ તે રોકાઈ નહતી. આ પછી સુરક્ષાદળોએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જણાવવામાં આવી રહ્યું છે કે તમામ પીડિત મજૂરો હતા, જેઓ કામ કર્યા બાદ પીકઅપમાં સવાર થઈને તેઓ પોતાના ઘરે જઈ રહ્યા હતા. જ્યારે તેઓ મોડી રાત સુધી ઘરે ન પહોંચ્યા ત્યારે ગ્રામજનોએ તેમને શોધવાનું શરૂ કર્યું અને પછી તેઓને આ ઘટના અંગે માહિતી મળી હતી. રોષે ભરાયેલા ગ્રામજનોએ સુરક્ષાદળોના વાહનોને આગ ચાંપી દીધી હતી. ગુસ્સે થયેલા ટોળાને કાબૂમાં લેવા માટે જવાનોને પણ ઘણું મુશ્કેલીઓ પડી હતી.

# અમેરિકાના સરકારી કર્મચારીઓનો ફોન હેક કરવા પેગાસસનો ઉપયોગ

વોશિંગ્ટન , તા.૦૫

અમેરિકાના વિદેશ વિભાગે એનએસઓ જૂથને બ્લેકલિસ્ટ કર્યા પછી સૌપ્રથમ વખત આ સમાચાર પ્રકાશમાં આવ્યા હતા. ગયા સપ્તાહે એપલે તેના આઈફોનને અને એપલની બધા પ્રકારની પ્રોડક્ટ્સનું હેકિંગ અટકાવવા એનએસઓ જૂથ પર કેસ કર્યો હતો અને જૂથને ૨૧મી સદીના ભાડૂઆતી ગુંડા કહ્યા હતા. એનએસઓ જૂથે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે તેની હેકિંગ સિસ્ટમ સાથે સંલગ્ન ગ્રાહકોનું એક્સેસ અટકાવી દીધી છે. પરંતુ તે તેના ગ્રાહકો ક્યાં છે તે નહી કહે. કંપનીએ જણાવ્યું હતું કે તેની સ્પાઈંગ ટેકનોલોજી અમેરિકાના ફોન હેક કરતાં અટકાવે છે અને ફક્ત લાઈસન્સ્ડ ગ્રાહકોને જ તે તેનું વેચાણ કરે છે. એનએસઓ પાસે તેના ટાર્ગેટ ગ્રાહકોને જાણવાનો કોઈ માર્ગ નથી. અમે આ કિસ્સા અંગે જાણકારી ધરાવતા નથી. એપલે યુગાન્ડા હેક અંગે કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવાનો ઈક્રાર કર્યો છે. આતંકવાદીઓ અને ગુનેગારો માટે અસ્તિત્વમાં આવેલા પેગાસસનો ઉપયોગ હવે માનવ અધિકાર કાર્યકરો, પત્રકારો, સાઉદી અરેબિયાથી લઈ મેક્સિકો સુધીના રાજકારણીઓ અદનાન ખાશોગી જેવા આંતરરાષ્ટ્રીય વેપારી વગેરેની જાસૂસી માટે થઈ રહ્યો છે.

અમેરિકાના વિદેશ વિભાગના ૧૧ કર્મચારીઓનો ફોન ઈઝરાયેલના કુખ્યાત ગ્રુપ એનએસઓની ટેકનોલોજીની મદદથી હેક કરવામાં આવ્યો હતો, એમ આ અંગે જાણકારી ધરાવતી વ્યક્તિએ શુક્રવારે જણાવ્યું હતું. આ કર્મચારીઓ યુગાન્ડામાં આવેલા હતા અને તેમા કેટલાક ફોરીન સર્વિસ ઓફિસરોનો સમાવેશ થાય છે. વિભાગના કેટલાક યુગાન્ડિયન કર્મચારીઓમાં ૧૧ના ફોન હેક થયા હતા.

આમ અમેરિકન સરકારના કર્મચારીઓની વિગત હેક કરવા એનએસઓ જૂથના સ્પાયવેર પેગાસસનો ઉપયોગ કરવામાં આવ્યું તે પ્રથમ વખત બન્યું છે. કઈ વ્યક્તિ કે એકમે એનએસઓ ટેકનોલોજીનો ઉપયોગ અમેરિકન સરકારી કર્મચારીના ફોનના હેકિંગ માટે કર્યો છે તે હજી સુધી જાણી શકાયું નથી. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી જેન પ્સાકીએ જણાવ્યું હતું કે અમને એનએસઓ ગ્રુપના સોફ્ટવેર જેવું કોમર્સિયલ સ્પાયવેર ગંભીર કાઉન્ટરઈન્ટેલિજન્સ પડકારો સર્જી શકે અને અમેરિકન કર્મચારીની સલામતી જોખમમાં મૂકી શકે તેના અંગે ચિંતા છે.

## અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસેલા 3 ગુજરાતીની ધરપકડ

*અમેરિકા , તા.૦૫*

અમેરિકામાં ગેરકાયદે ઘૂસેલા ત્રણ ગુજરાતી નાગરિકોની વર્જિનિયા ટાપુમાંથી ધરપકડ કરવામાં આવી હતી. કૃષ્ણા પટેલ, નિકુંજ પટેલ અને અશોકકુમાર પટેલની વર્જિનિયા ટાપુના સેન્ટ ક્રોઈક્ષ એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. ફ્લાઈટમાં બેસવાની તૈયારીમાં હતા એ વખતે ત્રણેયના દસ્તાવેજો નકલી જણાતા તેમને રોકી રાખવામાં આવ્યા હતા અને પછી નકલી દસ્તાવેજો બનાવવા બદલ તેમ જ ઘૂસણખોરીના ગુના સહિતના આરોપો લગાવીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. ત્રણેયના ડ્રાઈવિંગ લાઈસન્સમાં ગરબડ જણાઈ હતી એવું અધિકારીઓએ કહ્યું હતું. અમેરિકાના એટર્ની જનરલે એક નિવેદનમાં કહ્યું હતું કે ત્રણેયને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ગત ૨૪મી નવેમ્બરે એરપોર્ટ પરથી ત્રણેય ગુજરાતી નાગરિકો પકડાયા હતા. આ ત્રણેયનો ગુનો સાબિત થશે તો તેમને ૧૦ વર્ષની જેલ થઈ શકે છે. તેમનો ત્રણેયનો અગાઉ પણ ઘૂસણખોરીનો રેકોર્ડ નોંધાયો છે.

અમેરિકન વકીલના કહેવા પ્રમાણે ૨૦૧૯માં ત્રણેય ઘૂસણખોરીના આરોપ હેઠળ ફ્લોરિડામાંથી પકડાયા હતા. એ વખતે તેમને ભારત પાછા મોકલી દેવામાં આવ્યા હતા. અમેરિકાનો કાયદા વિભાગ આ ત્રણેય આરોપીઓ સામે કેસ દાખલ કરશે. એક વખત જે તે દેશમાં મોકલ્યા પછી ફરી પ્રયાસ કરનારા વિદેશી નાગરિકો ઉપર વધુ આકરી કલમો લગાડવામાં આવે છે. વકીલના કહેવા પ્રમાણે ત્રણેયનો ગુનો સાબિત થશે તો ૧૦ વર્ષની જેલ પછી તેમને ફરીથી મૂળ દેશમાં મોકલી દેવામાં આવશે.અમેરિકામાં ઘૂસણખોરી કરનારા ત્રણ ગુજરાતીઓની વર્જિનિયા ટાપુમાંથી ધરપકડ કરવામાં આવી હતી. એ ત્રણેય આરોપીઓ ફ્લોરિડા જવાની ફ્લાઈટ પકડવાના હતા એ પહેલાં નકલી દસ્તાવેજોના કારણે ઝડપાઈ ગયા હતા. ત્રણેય એ પહેલાં પણ ૨૦૧૯માં પકડાયા હતા એ વખતે તેમને ભારત પાછા મોકલી દેવાયા હતા.

# જેટ એરવેઝ પુનઃ બેઠું થવા આતુર, બોઇંગ અને એરબસ પાસેથી વિમાન ખરીદશે

મુંબઇ,તા.૫

જેટ એરવેઝ એ ફરીથી હવામાં ઉડવાની તૈયારી શરૂ કરી દીધી છે. આ એપિસોડમાં એરલાઈન્સે વૈશ્વિક એરોસ્પેસ કંપની બોઈંગને લગભગ ૧૦૦ વિમાન ખરીદવાનો ઓર્ડર આપ્યો છે. આ ડીલ લગભગ ઈ૧૨ બિલિયનમાં કરવામાં આવી છે. વાસ્તવમાં, બ્લૂમબર્ગ ક્વિંટના અહેવાલ મુજબ, જેટ એરવેઝ એરક્રાફ્ટ ઉત્પાદક (બોઈંગ કંપની અને એરબસ જીઈ) પાસેથી ૧૦૦ વિમાન ખરીદવા માટે વાતચીત કરી રહી છે. જેટ એરવેઝે બોઈંગને પેસેન્જર એરક્રાફ્ટ ખરીદવા માટે કુલ ઈ૧૨ બિલિયનના ઓર્ડર આપ્યા છે. સમાચાર અનુસાર, જેટ એરવેઝ વર્ષ ૨૦૨૨ના પહેલા ક્વાર્ટરથી ફરી ડોમેસ્ટિક ડેસ્ટિનેશન માટે ઉડાન ભરી શકે છે. કંપનીએ કહ્યું કે જાન્યુઆરી અને માર્ચ ૨૦૨૨ વચ્ચે તેની પ્રથમ ફ્લાઈટ દિલ્હી અને મુંબઈ વચ્ચે શરૂ થશે. જેટ એરવેઝના મેનેજમેન્ટ જાલાન-કાલરોક કન્સોર્ટિયમે જણાવ્યું હતું કે જેટ એરવેઝ આવતા વર્ષની શરૂઆતથી રનવે પર પરત ફરશે.




કંપનીને નવો માલિક મળ્યો છે. રિપોર્ટ અનુસાર, એરલાઇનના નવા માલિક,યુએઇ સ્થિત બિઝનેસમેન મુરારી લાલ જાલાન અને યુકે સ્થિત ઈન્વેસ્ટમેન્ટ ફર્મે બ્લૂમબર્ગ ન્યૂઝને જણાવ્યું કે જેટ ઓછામાં ઓછા ૧૦૦ એરક્રાફ્ટ ખરીદી શકે છે.આ સમાચાર વચ્ચે જેટ એરવેઝનો શેર ૫ ટકાની અપર સર્કિટ લઈને રૂ.૮૬ પર બંધ થયો હતો. અગાઉ જ્યારે એરવેઝને નવો માલિક મળ્યો ત્યારે પણ કંપનીના શેરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. નોંધનીય છે કે જેટ એરવેઝનું કામ લગભગ ત્રણ વર્ષ પછી શરૂ થશે. તાજેતરમાં, કન્સોર્ટિયમના મુખ્ય સભ્ય મુરારી લાલ જાલાને જણાવ્યું હતું કે, 'અમને જૂન ૨૦૨૧માં જ NCLT પાસેથી મંજૂરી મળી હતી. ત્યારથી, અમે તમામ સત્તાવાળાઓ સાથે ગંભીરતાથી કામ કરી રહ્યા છીએ, જેથી અમે આ એરલાઇનને આકાશમાં પાછી લાવી શકીએ. જેટ એરવેઝનું લક્ષ્ય ૨૦૨૨ના પ્રથમ ક્વાર્ટર સુધીમાં સ્થાનિક કામગીરી શરૂ કરવાનું છે. જેટ એરવેઝના કાર્યકારી સીઈઓ કેપ્ટન સુધીર ગૌરે કહ્યું, ''નવા અવતારમાં, જેટનું મુખ્યાલય દિલ્હી-ગુરુગ્રામમાં હશે. જેટે લગભગ ૧૫૦ કર્મચારીઓની ભરતી કરી છે અને આ નાણાકીય વર્ષના અંત સુધીમાં ૧૦૦૦ થી વધુ કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. અમારી પ્રથમ ફ્લાઈટ દિલ્હીથી મુંબઈ શરૂ થશે.મુરારી લાલના ભત્રીજા જાલાને આ સપ્તાહની શરૂઆતમાં જણાવ્યું હતું કે જૂથ આગામી છ મહિનામાં એરલાઇનમાં આશરે રૂ. ૧,૫૦૦ કરોડ (ઈ૨૦૦ મિલિયન)નું રોકાણ કરશે. જાલાને કહ્યું, ''જેટ એરવેઝ પાસે ૧૧ એરક્રાફ્ટનો કાફલો બાકી છે, જેમાં બોઈંગ ૭૩૭ અને ૭૭૭ તેમજ એરબસ એ૩૩૦ જેટનો સમાવેશ થાય છે. પરંતુ આ વિમાનો જૂના છે અને આ જૂના વિમાનોને વેચીને વધુ ઈંધણ કાર્યક્ષમ વિમાનો ખરીદવાની જરૂર છે.

જેટ એરવેઝની શરૂઆત ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં ટિકિટિંગ એજન્ટમાંથી ઉદ્યોગસાહસિક બનેલા નરેશ ગોયલ દ્વારા કરવામાં આવી હતી. તેમણે જેટ એરવેઝ શરૂ કરીને એર ઈન્ડિયાનો વિકલ્પ આપ્યો હતો. એક સમયે જેટ પાસે કુલ ૧૨૦ પ્લેન હતા. 'ધ જોય ઓફ ફ્લાઈંગ' ટેગ લાઇન સાથે કાર્યરત, કંપની જ્યારે તેની ટોચ પર હતી ત્યારે દિવસમાં ૬૫૦ ફ્લાઈટ્સનું સંચાલન કરતી હતી. જો કે, જ્યારે કંપની બંધ થઈ ત્યારે તેની પાસે માત્ર ૧૬ વિમાનો જ બચ્યા હતા. માર્ચ ૨૦૧૯ સુધીમાં, કંપનીની ખોટ રૂ. ૫,૫૩૫.૭૫ કરોડ હતી. ભારે દેવાને કારણે કંપની ૧૭ એપ્રિલ ૨૦૧૯ ના રોજ બંધ થઈ હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG:SS:NO.:0101**

વિષયઃ પ્રકૃતિની સાથે યાદગાર પ્રવાસ
પ્રકાર : ગદ્ય
શીર્ષકઃ પોન્ડેચેરી
લેખકઃ ભરત સાંગાણી
શબ્દો : ૩૪૮.

મને પ્રવાસનો ખૂબ જ શોખ.
હું અને મારા પત્ની પોન્ડેચેરી ( પુડુચેરી) ના પ્રવાસે ગયાં હતાં.
દરિયો...
આમ તો પશ્ચિમી સમુદ્ર પટ ગોવાથી ગુજરાત સુધી સૂર્યાસ્ત માણ્યા છે. તો સમુદ્રકિનારે સૂર્યોદયનો લ્હાવો કેમ ન માણીયે!!
ચાલો પોન્ડેચેરી...
આમ આવ્યા ઈડલી- સાંભાર અને ફ્રેન્ચ વારસો હજી સુધી જાળવતી ભૂમિ તરફ!
આ એક શાંત પણ મોહક એવું નાનું શહેર છે. અહીં આવો આત્માને સંતોષ આપવા.
અહીંનો સૌથી પ્રચલિત સમુદ્ર કિનારાઓમાં પેરેડાઈઝ બીચ સૌથી મોખરે આવે છે.
બીજા નંબરે સેરેનિટી બીચ. જે પોન્ડેચેરીથી ૧૦ કિ. ઓરોવિલ તરફ છે. અહીંથી સૂર્યોદય જોવાનો અલગ જ લ્હાવો છે, સુંદર સ્વચ્છ પાણીની અપાર જલરાશીનો રળિયામણો સમુદ્ર, એનો ઘૂઘવતો અવાઝ આપણા આત્મા સાથે વાર્તાલાપ કરતો હોય એવો અંતરનાદ ઉઠે.
એનું પાણી તમને બાથ ભરવા ઉત્સાહમાં ફલાંગ ભરતું કિનારે દોડી આવશે. તેનાં ઉછળતાં મોજાં આપણાં રહ્દયના ધબકારા સાથે રમત રમે. આપણી અંદર પણ એક દરિયો છે - ભાવનાઓનો દરિયો. તેથી જ દરિયા સાથે આટલી આત્મીયતા અનુભવાય છે.
દરિયો હોઈ ત્યાં લાઈટ હાઉસ ન હોઈ એવું તો ના જ બને!
લાઈટ હાઉસની ટોચ પરથી દરિયાનો નજારો સોહામણો છે. ફિરોઝી વાદળી રંગની એ ઉછળકુદ પર ક્યાંક ચમકતા સોનેરી સૂરજના કિરણો આલ્હાદક રોમાંચ કરાવે છે. દૂર દૂર મંકોડા જેવી દેખાતી હોડીઓ!!
અહીં એક સુંદર બોટોનિકલ ગાર્ડન અને ત્રણ-ચાર ભવ્ય ચર્ચ છે. અહીંનું ગણપતિ મંદિર ( Shri Manakula vinayagar Temple ) ઘણું કલાત્મક છે.
હવે વધીએ ધ્યાન, ચિંતન તરફ.
જેમાં પહેલું સ્થળ છે અરવિંદ આશ્રમ. નાનો હોવા છતાં ઠેરઠેર રંગીન ફુલો અને વૃક્ષોને કારણે બહારની દુનિયાથી અલિપ્ત છે. અહીં શ્રીઅરવિંદની સમાધિ છે
અહીં બીજું ધ્યાન સ્થળ માતૃ મંદિર - ઓરોવિલ- ફ્રેન્ચ ભાષામાં ઓરોનો અર્થ 'પ્રભાત' અને વિલ એટલે 'નગર' થાય છે. તેથી તે " city ઓફ dawn" તરીકે પણ ઓળખાય છે.
પોન્ડેચેરીમાં રહેતાં લોકો ઘણાં સરળ અને શાંતિપ્રિય છે. અહીં ઘણાં ને ફક્ત તામિલ અને અંગ્રેજી આવડતું હોવાથી વાત સમજવામાં સમજાવવામાં મુશ્કેલી થાય.
આ સ્થળ એકલાં આવનાર ટુરિસ્ટ કે મહિલા ટ્રાવેલર માટે પણ ઘણું સુરક્ષિત છે.
દરિયો તો બધે છે પણ અહીં આવો આધ્યાત્મિક ચેતનાની શોધમાં .
અરવ પગલે ફ્રેન્ચ ગલીઓમાં સેર સપાટો મારવા. કોઈ કેફેમાં ચોકલેટ ક્રોસન્ટનો આસ્વાદ ફિલ્ટર કોફીની ચૂસકીઓ સાથે માણવા.
સૂર્યોદયના સમુદ્રને નિરખવા...
પશ્ચિમી વાલુકાને આલિંગન આપી સૂર્યદેવ અહીં પૂર્વીય શંખ- છીપલાને ભેટવા આવી પહોંચે છે. તે ઉછળતા મોજાંમાં નિહાળવાનો લ્હાવો અનેરો છે.

ભરત સાંગાણી.

---

**NOG SS NO- 0088**

વિષય શબ્દ- યાદગાર પ્રવાસ
પ્રકાર- નિબંધ/વર્ણન લેખ
શીર્ષક- પ્રવાસી બોધ!

કોલેજમાં નોકરીના પ્રથમ વર્ષે જ અમે જાન્યુઆરીમાં રાજસ્થાનના સાત દિવસીય પ્રવાસનું આયોજન કર્યું હતું.

કહેવાય છે કે, "ઘટમાં ઘોડા થનગને ને આતમ વીંઝે પાંખ, અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ" આવાં જ યુવાન હૈયાઓને પ્રવાસમાં સાચવવાનાં હતાં.

રાત્રે બારેક વાગે રાધનપુરથી પ્રવાસી બસે પ્રસ્થાન કર્યું. રોમાંચિત યુવાહૈયાંઓએ આખી રાત માથે લીધી.

વહેલી સવારે બસે માઉન્ટ આબુનું ચઢાણ ચાલુ કર્યું. ચારે-બાજું પર્વતોના ખોળે રમતું લીલાંછમ્મ જંગલથી વાતો ઠંડો પવન.. નખીલેક ને સાઇટ સીનની ભરપૂર મજા માણી. રાત્રિ રોકાણ કરી બીજા દિવસે તળાવોની નગરી ઉદેપુર ગયાં.. ત્યાં સિટી પેલેસ, સહેલીઓ કી બાડી, ગુલાબબાગ વગેરે જોયાં.

પછીના દિવસે વિરાંગનાઓની ઐતિહાસિક ભૂમિ ચિત્તોડગઢ નિહાળી ને રણુજામાં રામાપીરના દર્શન કરીને જયપુર ગયાં. વાહ સુંદર ગુલાબી નગરીનો અનેક બારીઓથી મઢયો હવામહેલ જોયો. પછી અમે જોધપુર પહોંચ્યાં. ત્યાં સુંદર નકશીદાર હવેલીઓ જોઈને સવારે લગભગ ૧૧વાગ્યે જોધપુર કિલ્લો જોવા સૌ ચાલતાં જતાં હતાં. શિયાળો બરોબર જામેલો ને એમાંય યુવાન ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જ્યારે જાગે ત્યારે! તેમની નજરે શાકભાજીની લારીઓ ચઢી. અને તેમાંય ગાજર જોયાં. ચાર-પાંચ જણાંએ ભાવતાલ પૂછ્યા વિના જ એ તોલાવ્યાં. ત્યાં પાછળ ચાલી આવતી ત્રીસેકની પલટન લારીમાંથી ગાજર ઉઠાવી બટકીને સીધી ખાવા જ માંડી. લારીવાળાને એમ કે બધાં લેશે તેથી શરૂઆતમાં એ કાંઈ બોલ્યો નહીં. પણ તોલાયેલાં ગાજરનો ભાવ લારીવાળાએ ચાર ગણો કહેતાં, છોકરાં થેલીઓ પડતી મેલી ચાલવા માંડ્યા ત્યારે લારીવાળો બગડ્યો..સૌને ગમેતેમ બોલવા માંડ્યો.. યુવાન લોહી શાંત રહે? સૌ બાથે વળગ્યાં...

લારીવાળાએ નજીક ઊભેલી પોલીસને બૂમો પાડી.. પોલીસ આવી.. ચાલો, "આચાર્ય અને શિક્ષકો સૌ પોલીસ સ્ટેશન!" આગળ અમે અને પાછળ અમારી વાનરસેના!

સોએકનું ટોળું પોલિસ સ્ટેશન પહોંચ્યું. આખી ઘટના પોલીસને સમજાવી. વાતનો તોડ થયો!.. એ ગાજર ૨૦૦૦રુમાં પડ્યાં અને મોડું થતાં બપોરે પોખરણ પહોંચવાનું હતું તે મોડી સાંજે પહોંચાયું ને સૂર્યકિરણમાં નહાતું સોનેરી રણ જોવાના ઓરતા અંધારા ઓછાયે રણ જોઈ પૂર્યા. ને ઊંટ સવારી તો સ્વપ્ને રહી.

કહેવાય છે ને, "સવારનો ભૂલ્યો સાંજે ઘેર આવે" એમ.. સૌએ શીખ લીધી કે,.."અજાણ્યાં ફળ કદી ખાવા તો નહીં જ પણ ક્યારેય ચાખવા પણ નહીં !"

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

**NoG SS No:004**

વિષયઃ મ પ્રવાસનું વર્ણન
શીર્ષકઃમારા પ્રવાસનો એક પ્રસંગ...

બાળકો તમે બધાં પ્રવાસે જાઓ તો તમને કેટલો આનંદ થાય તેવો જ આનંદ મને જ્યારે જ્યારે નવી જગ્યાએ જવાની હોઉં ત્યારે થાય.

માનવની જાત કેવી અળવિતરી તે હું તમને જણાવું
છું.અમે બધાં મિત્રો ગીરના જંગલોની મુલાકાતે નીકળ્યા હતા.અમદાવાદથી અમે પહેલા સોમનાથ ગયાને ત્યાંથી
ગીર ગયાં હતાં. અમે ફોરેસ્ટ ઓફિસરના સરસ મજેના એકદમ જૂની ઢબના બંગલાઓમાં રહ્યાં હતાં. ત્યાંથી બીજે દિવસે સવારે સિંહ જોવા ગાઢા જંગલોમાં ગયાં, પણ અમને ત્યાં એકપણ સિંહ જોવા ન મળ્યો.
મન થોડું નિરાશ થઈ ગયું હતું.ગીરમાં બીજી એક જગ્યાએ મોટા વિસ્તારમાં સિંહને વનવિભાગ વાળાએ વાડ બનાવી રાખ્યા છે.તે જરૂર જોવા મળે.લગભગ બસમાં અમે વીસેક જણાં હતાં.

બસમાં સૌ સૌએ પોતપોતાની જગ્યા લઈ લીધી.
બસ ઉપાડતા પહેલા બસ ચાલક(ડ્રાઈવર)ને સાથે એક
ગાઈડ બન્ને એ અમને કેટલીક સૂચનાઓ આપી.સૌથી
પહેલી એ કે કોઈએ પોતાનું માથું કે હાથ બહાર કાઢવા નહિ,બીજું હાથમાંનું ખાવાનું બહાર નાંખવું નહિ,ત્રીજું દરવાજા પાસે બેઠેલા કોઈએ દરવાજો ખોલવો નહિ,સિંહ કે બીજા કોઈ પણ પ્રાણીને જોઈ બૂમો પાડવી નહિ.

આમ જોવા જાવ તો અમારી સાથે બાળકો પાંચ કે છ હતાં.બીજા બધા મોટા જ એટલે કે પચ્ચીસની
ઉપરની ઉમ્મરના જ લોકો હતા.બસ ઉપડીને થોડી અંદરના ભાગમાં ગઈ તો એક સિંહણ સાથે તેના નાના બચ્ચાં ઝાડ નીચે જોવા મળ્યાં.થોડે દૂરથી એક સિંહ તેની
ગર્વિલી ચાલે અમારી બસની સામે જ આવી રહ્યો હતો,એને જોઈ બસમાં બધાં મોટે મોટેથી ચીસો પાડવાં લાગ્યા,અમે બધાં તે લોકો ને ના કહેતા રહ્યાં પણ સાંભળે કોણ??સિંહ પાછો ફરી ગયો.થોડે દૂર એક ઝાડ નીચે આરામથી બેસી ગયો.થોડીવારમાં એક સિંહણ આવીને તે પણ એની બાજુમાં બેસી ગઈ.ડ્રાઈવરને થયું
ચાલો આ લોકોને નજીકથી બતાવું.તે નજીક લઈ ગયો કે બાળકો એક ત્રીસથી પાંત્રીસ વર્ષ નો માનવી(પુરૂષ) મૂર્ખના સરદાર જેવો બસની બહાર નિકળી ગયો.બાળકો તમે હોવ તો શું કરો?

આવા અળવિતરા માનવીને લીધે બસમાંના બધાની જાન જોખમમાં ન મૂકાત..?

આ તમારી સાથે શેર કરવાનું કારણ એક જ કે બાળકો તમે બધા જાણો છો સિંહ સૌથી ખૂંખાર પ્રાણી છે,તે તેના જીવનમાં કોઈની દખલગીરી ન સહન કરીલે.
તેથી તે ખરેખર વનનો રાજા છે.માનવી ની આવી અવળચંડાઈ કેમ સહન કરી લે?પેલા માણસની તો આવી જ બનત પણ ગાઈડ હોશિયાર હતો તેથી ડ્રાઈવરે
આખી બસ તરત જ ઝડપથી ગોળ ફેરવી લીધી ને ગાઇડે દરવાજો ખોલી પેલા માણસને ઉપર ખેંચી લીધો.

બાળકો એક વાત યાદ રાખજો કે જીવનમાં આપણે કોઈની દખલગીરી ન ચલાવી લઈએ તો પ્રાણીઓ પણ તેમના જંગલના વિભાગમાં ન જ ચલાવી લે.માનવીએ તેઓને શાંતિથી જીવવા દેવા જોઈએ.આ લોકડાઉનમાં આપણે જોયું કે કેટલા પ્રાણીઓ શહેર તરફ આવી ગયા હતા,પેગ્વીન પણ શહેરોમાં ફરવા લાગ્યા હતા..જુનાગઢમાં સિંહ શાળામાં ભરાય ગયો હતો તો આપણે તેમને વનવિભાગમાંથી માણસો બોલાવી કેવા જંગલમાં મૂકી આવીએ તેવી જ રીતે..માનવે પણ તેમને કે તેમના વિસ્તારને ન જ છેડવા જોઈએ.

તમે પણ તમારા પ્રવાસમાં આવું કંઈ અનુભવ્યું હોય તો જરૂર ડાયરીમાં લખી રાખજો..ને ફરી ફરી વાંચજો.

જયશ્રી પટેલ

---

આવો તો અમારો આવકાર હશે.
જાવ તો અસહ્ય ઉકળાટમાં હશે.
એ જીંદગી સમજાવીને તું થાકશે.
રહી રહીને ક્યાંક આવતાં જ હશે.
આદર્શને હ્રદયમાં સ્થાન આપજો.
સિધ્ધાંતવાદી કોઈને મનાવતાં હશે!
સંજોગ ઝુકાવે સમયની સંગતમાં.
યાદોં વાગોળી નેં યાદ કરતાં હશે.
હમસફર બની ન આવો તો સારું.
અલગ રસ્તે આગળ વધતાં હશે.
આંખ જોવાં તરસતી હતી ભલે!
ચોધાર આંસુડે આંખો ખુલી હશે.
દોસ્ત હશે દુનિયામાં કૈંક અઢળક.
ખાલીપો હંમેશા અમારો જ હશે.
આવો તો અમારો આવકાર હશે.
જાવ તો અસહ્ય ઉકળાટમાં હશે.
એ જીંદગી સમજાવીને તું થાકશે.
રહી રહીને ક્યાંક આવતાં જ હશે.
આદર્શને હ્રદયમાં સ્થાન આપજો.
સિધ્ધાંતવાદી કોઈને મનાવતાં હશે!
સંજોગ ઝુકાવે સમયની સંગતમાં.
યાદોં વાગોળી નેં યાદ કરતાં હશે.
હમસફર બની ન આવો તો સારું.
અલગ રસ્તે આગળ વધતાં હશે.
આંખ જોવાં તરસતી હતી ભલે!
ચોધાર આંસુડે આંખો ખુલી હશે.
દોસ્ત હશે દુનિયામાં કૈંક અઢળક.
ખાલીપો હંમેશા અમારો જ હશે.



વિજય શિહોરા..એ જીંદગી..
ગઢડા સ્વા. બોટાદ..

---

ફૂલ તો હોય લાલ-પીળા ને ધવલ,,
તુ રહે દિલમાં સદા મારા અવલ,,
હોય કાદવ તોય ખીલતું ત્યાં કમલ,
શીત લહેરો વાય ને સળગે અનલ.
તુજ વિણ કેમ સૂઝે મુજને ગઝલ,,
પરંતુ પ્રેમ તણા અશ્રુ વહે અસલ,,
છે ઈરાદો આખરીને છે અટલ,
શબ્દ મારા આમ રહેશે જો અચલ.
નીત દુનિયા પાય છે મુજને ગરલ,
તે છતાં પણ જિંદગી મારી સરલ.
આખરે પ્રીત તમે તો સમજો મુજને દરઅસલ



નીલમ ત્રિવેદી.
નીલ પ્રીત - અમદાવાદ

## નીતિશ સરકારે ફરીથી મૃતકઆંકનો આંકડો આપી ભૂલ સુધારી

નવી દિલ્હી , તા.૦૫

સરકારે કોરોનાથી થયેલી મૃત્યુની સંખ્યામાં ૦૯ જૂને પણ ફેરફાર કર્યો હતો. ત્યારે ૩,૯૩૧ લોકોનો સરકારી આંકડામાં સમાવેશ કર્યો હતો અને ત્યાર પછી સંખ્યા વધીને ૫,૪૨૪ થઈ ગઈ હતી. ત્યારબાદ આ આંકડામાં એકાએક ૭૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ ફેરફાર પણ કોરોનાથી થયેલા મૃત્યુના આંકડા છુપાવવાની વાત બહાર આવ્યા પછી કરવામાં આવ્યો હતો. બિહારના સ્વાસ્થ્ય મંત્રી મંગલ પાંડેએ જણાવ્યું કે, બિહારમાં કોરોનાથી થયેલા મૃત્યુના નવા આંકડા પ્રમાણે જ બધાને વળતર આપવામાં આવશે. સંક્રમણથી મૃત્યુ પામનારના પરિવારને ૪ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે. તેમણે જણાવ્યું કે, આ મૃત્યુનો પહેલા કોઈ હિસાબ ન હતો, પરંતુ તપાસ પછી નવા આંકડા વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. બિહારમાં કોરોનાને કારણે થયેલા મૃત્યુની સંખ્યામાં એક જ દિવસમાં ૨,૪૨૪ લોકોનો વધારો થયો છે. હવે રાજ્યમાં કોરોનાની બીજી અને ત્રીજી લહેરમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૧૨,૦૮૯એ પહોંચી ગઈ છે જે અત્યાર સુધી ૯,૬૬૪ હતી. સરકારે ૬ મહિનામાં બીજી વખત આ ફેરફાર કર્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે ૦૨ ડિસેમ્બર સુધી બિહારમાં કોરોનાથી થયેલા મૃત્યુની સંખ્યા ૯,૬૬૪ હતી, જેમાં ૦૩ ડિસેમ્બરે બીજા ૨,૪૨૫ લોકો ઉમેરાયા. પટના હાઈકોર્ટના ફટકાર બાદ સરકારી આંકડામાં આ ફેરફાર કરવામાં આવ્યો છે. સરકારી આંકડામાં બક્સર ખાતે કોરોનાથી થયેલા મૃત્યુનો સમાવેશ ન કરવાથી હાઈકોર્ટમાં સરકારને ફટકાર લગાવવામાં આવી હતી.

---

મારી લાગણીનો અહેસાસ પુસ્તક
મારી એકલતાનો આશરો પુસ્તક
હું મુક્ત બની વિહરું એની સંગ
મારા સુખ દુઃખની વાતો એને મન
મને સમજાવે મને શીખવાડે
મારાં અંતરમનને વાંચે પુસ્તક
મારી લાગણીનો અહેસાસ પુસ્તક
મારી એકલતાનો આશરો પુસ્તક
શું કરવું, કેમ કરવું એની સમજણ આપે પુસ્તક
અટકુ હું જ્યાં ત્યાં ધક્કો મારે એ પુસ્તક
નવી દુનિયા બતાવે પુસ્તક
જ્ઞાન સરીતા વહાવે પુસ્તક
મારી લાગણીનો અહેસાસ પુસ્તક
મારી એકલતાનો આશરો પુસ્તક
હું નથી આ દુનિયા માં એકલી
કેમ કે મારો મિત્ર છે પુસ્તક
પુસ્તકપ્રેમીને કુદરત પ્રેમી
સાચી દુનિયા નિહાળે મન થી
મારી લાગણીનો અહેસાસ પુસ્તક
મારી એકલતાનો આશરો પુસ્તક.



તોરલ શાહ (તોશા) - ગાધીધામ

---

## એક ગઝલ મઠારી...

અમારી તરફ છે દુઆઓ તમારી.
અમેતો ફોગટમાં કલાઓ વધારી.
નથી માંગ મારી કે ઝોલી ભરીદો,
આશાઓ તમારી નથી એ નઠારી.
મળે જો અમોને તમારો સહારો,
તમારો સહારો આશાઓ અમારી.
આશામાં ડૂબ્યોછે ઉગતો સિતારો,
સિતારે સંગત એક આશા પધારી.
આવી ને બેસો તમે જો અહિ તો,
ઘૂટી શકુ શુષ્ક'એક ગઝલ મઠારી.



શુષ્ક પિરોજપુરી (પાલનપુર)

---

માનસ અયોધ્યાકાંડ મહેશ એન.શાહ દિવસ ૯ તારીખ ૫ ડિસેમ્બર.

## એક કથામાં નવ કથા જેવી પરિક્રમા કથાની પૂર્ણાહુતિ;હવે પછીની ૮૬૯મી કથા ૧૮તારીખથી મુંબઈમાં પણ....

બહુરિ રામ અભિષેક પ્રસંગા,પુનિ નૃપબચન રાજરસ ભંગા; આ બીજ પંક્તિઓ સાથે કાગભુષંડી રામાયણના ન્યાયથી શરૂ થયેલી પરિક્રમા કથા નવમા દિવસે નંદીગ્રામ પર છેલ્લા પડાવ રૂપે આવી.બાપુએ જણાવ્યું કે આશ્રિતની આંખોમાં આંસુ આવે છે ક્યાંથી?પાંચ કારણ હોઈ શકે:બુદ્ધ પુરુષનો તીવ્ર વિયોગ,આંસુ મદને ઓછો કરી અહંકારને શૂન્ય કરી દે છે.અકલ્પિત યોગ-વિચાર્યું પણ ન હોય કે આ મળશે,અહીં બુદ્ધપુરુષ, પરમગુરુ, સદગુરુ,મહત્તપાદ,ગુરુ અથવા તો જેને હું સાધુ કહું છું એ બુદ્ધ પુરુષ કસોટી માટે ક્યારેક ખીજાય એ સમયે ઉત્સવ મનાવજો!એણે મને પોતાનો સમજી ને ખિજાયા છે. મુજ મેં હર રંગ અબ તુમ્હારા હૈ,અબ તો કહ દે! તું હમારા હૈ!! -એવું બુદ્ધપુરુષને આપણે કહેવું જોઈએ.

ભરત ચરિત્રાથી ત્રણ પ્રેરણા લેવી જોઈએ:સ્વયંની ખોજ,સમાજની સેવા અને પ્રેમ માત્ર પરમાત્મા સાથે કરવો.

શંકરાચાર્ય કહે છે કે પહેલા શબ્દનો મહિમા સમજો, શબ્દ મર્યાદાનો વિવેક હોવો જોઈએ અને અંતે શબ્દોથી પણ મુક્તિ થવી જોઈએ.શબ્દના સાધક- ઉપાસક માટે આ જરૂરી છે.અજાણતા પણ ગુરુનો દ્રોહ થાય તો રુદ્રાષ્ટક નો પાઠ કરવો જોઈએ.બાપુએ કહ્યું કે શિખર પર ગયા પછી આપણું નામ પણ બોજ લાગે છે,નામનો પણ ભાર લાગે છે.અહીં આઠ પંક્તિઓ કે જે પાદુકા વિશે જણાવે છે એ પાદુકા અષ્ટક પણ કહી શકાય.વ્યક્તિમાં રાજ કરવા માટે પ્રાણ બળ હોવું જોઈએ.પાદુકા પ્રાણબળ પ્રદાન કરે છે,પ્રાણ હોય પરંતુ સ્નેહ ના હોય,રક્ષણ ન હોય તો? પાદુકા સંપુટ-પેટી રક્ષણ પ્રદાન કરે છે.પ્રકૃતિ વગર પુરુષ નિષ્ક્રિય થઈ જાય છે અને પુરુષ વગર પ્રકૃતિ જડ બની જાય છે,આથી ભરતને લાગ્યું કે એક પાદુકા 'રામ' છે બીજી પાદુકા 'સીતા' છે.અહીં શક્તિ અને શક્તિમાનનો સંયોગ બતાવ્યો.એ પછી ભરત પાદુકા લઈને અવધ આવે છે,થોડા દિવસ જનક રોકાઇ ને નીકળે છે,પાદૂકાની સ્થાપના કરી અને ભરત વશિષ્ઠજી ને પૂછે છે કે જો તમારી આજ્ઞા હોય તો નંદીગ્રામ રહેવા ઈચ્છું છું.વશિષ્ઠ એ કહ્યું કે તમે જે વિચારો છો,બોલો છો અને કરો છો એ ધર્મ નહીં ધર્મનો સાર છે.તમારો વિચાર-મન,વચન અને કર્મ ધર્મનો નિચોડ છે,એટલે ધર્મગુરુના નાતે આમાં કોઇ હસ્તક્ષેપ નહીં કરું,પરંતુ માતા કૌશલ્યાની પ્રસન્નતા માટે એની આજ્ઞા લો.કૌશલ્યા માત્ર આપના થકી જીવી રહી છે,એનું દિલ દુભાશે તો રામભક્તિ સફળ નહીં થાય.આથી આજ્ઞા માંગી અને કૌશલ્યાએ કહ્યું કે આપનું મન છે તો રહો.ભજન માના આશીર્વાદથી, પિતાના અનુગ્રહથી,આચાર્યોના અનુગ્રહથી જ સફળ થાય છે.એ પછી શત્રુઘ્ન મૌન રહી અને થાંભલો પકડીને રડે છે.ભરતજી નંદીગ્રામમમાં પર્ણકુટિ બનાવી,પૃથ્વીમાં ખાડો ખોદી,વલકલ ધારણ કરી અને તપસ્વીના વેશમાં સાધના કરે છે ત્યારે એવું લાગે છે જાણે ચંપાના બગીચામાં ભમરો રહે છે! અયોધ્યાકાંડ સમાપન પછી બાકીના કાંડ સંક્ષિપ્ત રુપમાં કહી રામ રાજ્યાભિષેક કરી અને રામકથાનું સુફળ પાદુકાને સમર્પિત કરી કથાને વિરામ અપાયો. હવે પછીની કથા કોરોનાના અતિશય પ્રભાવને કારણે માત્ર ઓનલાઈન રૂપે, ૧૮થી૨૬ડિસેમ્બર મરીનલાઈન(મુંબઇ)ખાતે બિરલા માતુશ્રી હોલમાં યોજાશે.જેનું જીવંત પ્રસારણ આસ્થા ટીવી અને યુ-ટ્યુબની વિવિધ ચેનલો દ્વારા કરવામાં આવશે.

આ કથામાં ખૂબ કડક નિયમ હોવાથી પૂર્વ આમંત્રિત આયોજકો સિવાય અન્ય કોઈને પ્રવેશ મળી શકશે નહીં.

---

## બિટકોઈનમાં ૨૨ ટકાનો ઘટાડો, ૧ બિલિયનની કિંમતની ક્રિપ્ટોકરન્સીનું વેચાણ



મુંબઈ,તા.૫

ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં ક્યારે શું થશે તે કોઈ કહી શકતું નથી. ક્રિપ્ટોકરન્સી બિટકોઈનમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. રાત્રે ૯.૨૦ વાગ્યે,બિટકોઈન લગભગ ૧૨ ટકા ઘટીને યુએસ ડોલર ૪૭,૪૯૫ થઈ ગયા. તે સત્ર દરમિયાન વધુ ઘટીને US$૪૧,૯૬૫ સુધી પહોંચી ગયો. એટલે કે આખા દિવસનું નુકસાન ૨૨ ટકા થયું. ક્રિપ્ટોકરન્સીમાં જંગી ઘટાડા બાદ એથેરીયમ બ્લોકચેન નેટવર્ક સાથે જોડાયેલ સિક્કો પણ ૧૦% થી વધુ ઘટ્યો હતો.

ક્રિપ્ટોકરન્સી ડેટા પ્લેટફોર્મ અનુસાર, તેણે ટ્રેક કરેલા ૧૧,૩૯૨ સિક્કાઓની માર્કેટ મૂડી લગભગ ૧૫% ઘટીને ઈ૨.૩૪ ટ્રિલિયન થઈ ગઈ છે. ગયા મહિને જ, જ્યારે બિટકોઈન ૬૯૦૦૦ યુએસ ડોલર (૫૧.૯૬ લાખ) નો રેકોર્ડ બનાવ્યો ત્યારે આ મૂલ્ય ૩ ટ્રિલિયનના આંકને વટાવી ગયું હતું. આ ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે છેલ્લા એક સપ્તાહથી નાણાકીય બજારો માટે અસ્થિર સ્થિતિ છે. યુએસમાં નવેમ્બરમાં જોબ ગ્રોથ ધીમી છે અને કોરોના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટને કારણે રોકાણકારો પરેશાન છે.

